**રાજકોટ ના મહે ૧૨ માં અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રે સાહેબ ની કોર્ટમાં**

**ફોજદારી કેસ નંબર : ૩૫૪૨૫/૨૦૨૧**
**આંક : ૭**

**ફરીયાદી:** શ્રી સરકાર

**::: વિરૂધ્ધ :::**

**આરોપી:** સુમીત વિરેન્દ્રભાઈ રાઠોડ

**ગુનો :- આઈ.પી.સી. ની કલમ ૨૭૦, ૨૭૧**

**::: ચુકાદો :::**

**૧)..** ફરીયાદપક્ષના કેસ ની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ હાલ નોવેલ કોરોના વાયરસને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર ધ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ હોય જેનો ફેલાવો અટકાવવા કેન્દ્ર સરકાર અને રાજય સરકાર તરફથી અનલોક જાહેર થયેલ હોય અને તેમજ પોલીસ કમિશ્નર સાહેબ રાજકોટનાઓએ કન્ટેન્ટમેન્ટ/માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવેલ ઘર/મકાનોમાં રહેતા લોકોને ઝોન વિસ્તારમાંથી બહાર જવા પર પ્રતિબંધ મુકેલ હોય અને આરોપી આર્શીવાદ મકાન પ્લોટ નં. ૩૪ પંચવટી પાર્ક-૪ વાળામાં રહેતા હોય તેઓ જાણી જોઈને રોડ ઉપર બહાર કોઈ કારણ વગર નીકળી ચેપી રોગ ફેલાવવાનું દ્રેષપુર્ણ કૃત્ય કરી મહે. પોલીસ કમીશ્નર સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા બાબતનુ આઈ.પી.સી. ની કલમ ૨૭૦, ૨૭૧ નો ભંગ કરેલ છે.

**૨)..** આરોપી કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. હાલના કામે આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનુ જાહેર કરી પુરસીસ રજુ કરેલ છે. જે સંદર્ભ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીનાઓની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી, જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતાં જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ ઉપરોકત તમામ સંજોગો ગુનાની હકિકત અને સજા જગોવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>::: હુકમ :::</u>**

આ કામના આરોપીને ક્રી. પ્રો.કો. કલમ ૨૫૨ મુજબ ઈ.પી.કો. કલમ ૨૭૦, ૨૭૧ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા ૫૦૦/- પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમના ભરે તો દિન - ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૨મી, માંહે : નવેમ્બર, સને : ૨૦૨૨ ના રોજ યોજાયેલ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૨/૧૧/૨૦૨૨

**(દક્ષેશ રાજેશકુમાર જગુવાલા)**
૧૨ માં અધિક ચીફ જ્યુડી. મેજી., રાજકોટ
U.I.C. NO. GJ00973